

આ સેક્ટરનો નકશો દેખાડતું બૉર્ડ છે ? એ સ્વચ્છ હોય તો કેવું સારું લાગે ને ઉપયોગી પણ ! બાકી તો એની પરેય જાહેરખબરનાં પોસ્ટર્સ ચોંટાડી જાહેરખબરવાળા આપણને 'ગેરમાર્ગે' દોરતા હોય એમ લાગે !

# વિકલાંગો સાથે ક્રૂર મશ્કરી : લોન ધિરાણમાં એક પૈસો પણ સબસીડી નહીં : વિકલાંગોનો આક્રોશ

વિસાવદર, તા. ૯

ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ દ્વારા રાજ્યના તમામ જ્ઞાતિના વિકલાંગોને જુદા જુદા ૩૫ ધંધાઓ માટે તેમજ અભ્યાસ અર્થે રૂ. ૨૦ લાખ સુધીની લોન આપશે તેવી મોટા ઉપાડે મોટી જાહેરાતો કરવામાં આવી છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદીજ છે તેમ ગુજરાત વિકલાંગના પ્રમુખ મહેન્દ્રભાઈ હરવાણીએ જણાવ્યું હતું અને આ મામલે તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

હરવાણીના જણાવ્યા અનુસાર વિકલાંગો માટેની આ લોન યોજનામાં એક પૈસો પણ સબસીડી નથી. વળી વિકલાંગો પરસેવે રેબઝેબ થઈ જાય તેવી લાંબી લચક પ્રક્રિયા છે. આ ઉપરાંત લોન મંજુરીનો આધાર એન.એચ.એફ.ડી.સી. ફરીદાબાદ તરફથી મળનાર ફંડને આધિન હોઈ કેન્દ્રીય નિગમ પાસેથી જ્યારે ફંડ ઉપલબ્ધ થશે ત્યારે ધિરાણ આપવામાં આવશે. કેન્દ્રીય નિગમ પાસેથી ફંડ ન મળતા લોન-અરજીઓ દફતરે થઈ શકે છે તેવુ પણ અરજી ફોર્મમાંજ સારૂ સુણાવી દેવાયું છે. જેથી લાંબીલચક પ્રક્રિયા પૂર્ણ કરીને વિકલાંગો તમામ સાધનિક કાગળો સાથે રજુ કરે તો પણ લોન ૧૦૦ ટકા મળશે જ તેવી કોઈ જ ગેરંટી નથી...!

આ ઉપરાંત માનો કે લોન મંજુર થઈ ગઈ પણ વિકલાંગોએ દર મહિને બેન્કમાં જઈ અલ્પ સંખ્યક નાણા નિગમ ગાંધીનગરનો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી રજી.એડી.થી મોકલવાનો રહેશે. આમ દર મહિને હપ્તો ભરવા પણ વિકલાંગોએ કતારમાં ઉભા રહી બેન્ક પોસ્ટ ઓફીસ સુધીના ધાડા કરવા પડશે. વિકલાંગો હપ્તાની રકમ સીધીજ નિગમના ખાતામાં બેન્કમાંજી જમા કરાવી શકે તેવો વ્યવહારૂ ઉકેલ પણ લેશમાત્ર વિચારાયો નથી.

વિકલાંગોને દયાની નહિ, હૂંફની જરૂર છે. આ વાક્ય સર્વવિદિત હોવા છતાં રાજ્ય સરકારે વિકલાંગો પ્રત્યે દયા ખાવાની કે, હૂંફ સહાનુભૂતિ દાખવવાની લેશમાત્ર પરવા ન કરી હોવાનું સ્પષ્ટ દેખાઈ આવે છે. અરે લોન ધિરાણની વાત તો બાજુ પર રહી જુનાગઢ જિલ્લામાં અપંગો છેલ્લા આઠ આઠ મહિનાથી સાધન સહાયની પ્રતિક્ષા કરી રહ્યા છે. પરંતુ અધિકારીઓને જવાબ આપવાની પણ ફુરસદ નથી તેમ શ્રી હરવાણીએ જણાવ્યું છે.



યુનિવર્સિટીમાં સેનેટના સિન્ડિકેટ દ્વારા પડતર માંગણીઓને લઈને જુદી જુદી રજુઆતો કરવામાં આવી હતી.

# સ્કૂલ ઑફ ઍચિવરમાં વિદ્યાર્થીઓ માટે મૂલ્યાંકનલક્ષી માર્ગદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૯

સ્કૂલ ઓફ એચિવર કુડાસણ ખાતે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં ૭ વર્ગના ૨૬૧ વિદ્યાર્થી ભાઈ બહેનોને શાળાના આચાર્ય કે.એસ. પટેલ તથા અંગ્રેજી માધ્યમના આચાર્ય લલિતા અબ્રાહમ તથા ઉપાચાર્ય જગદીશ સુથારે માર્ગદર્શક શિબિરમાં તમામ વિષય શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ધોરણ-૧૦માં ચાલુ વર્ષથી અમલમાં આવેલા શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે સઘન અને વિશિષ્ટ સમજ અંગે બાળકોને બોર્ડ દ્વારા થનાર મૂલ્યાંકન પદ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એસ.એસ.સી.ની શાળાકીય પ્રથમ બેચના તમામ વિદ્યાર્થીઓને મૂલ્યાંકનના હેતુઓ, માળખુ, સંકલ્પના, ધ્યાનમાં રાખવાની બાબતો, નિદાન, ઉપચારાત્મક શિક્ષણ, શિક્ષક પક્ષે અને આચાર્યપક્ષે થનાર રચનાત્મક મૂલ્યાંકન, $FA_1$ થી $FA_4$ તથા $SA_1$ અને $SA_2$ ની પ્રવિધિઓ, મૂલ્યાંકન શિક્ષણની પ્રવૃત્તિઓના મૂલ્યાંકન અને વિવિધ જીવન કૌશલ્યો અને આ તમામ બાબતોથી થનાર મૂલ્યાંકન અંગે શિક્ષક પરિવાર તથા બાળકોને સુંદર રીતે દૃષ્ટાંતો અને પ્રેરક વાતોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મળવાપાત્ર રેન્ક, પર્સન્ટાઈલ રેન્કની પદ્ધતિ તથા ૫ ટકા ભારાંકમાં રૂપાંતરની રીત સમજાવી આગામી જાહેર પરીક્ષા માટે બાળકોને સજ્જ કરવામાં આવ્યા હતા.

# અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની સરકારી તાલીમ કેન્દ્ર કચેરીએ ગાંધીનગર જિલ્લાની તમામ પગાર કેન્દ્ર શાળાઓ તથા ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલોનાં આચાર્યોને જણાવ્યું છે કે, ધોરણ- ૧ થી ૧૨માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિનો કેમ્પ તા. ૧૧, ૧૨, ૧૩ અને ૧૪મી જુલાઈ દરમિયાન અનુક્રમે કલોલ, દહેગામ, આજોલ અને ગાંધીનગર ખાતે યોજાશે.

અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિનો કલોલ તાલુકાનો કેમ્પ તા. ૧૧મી જુલાઈ-૨૦૧૨ના રોજ શાંતિનિકેતન વિદ્યાવિહાર નવજીવન રોડ, કલોલ ખાતે સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન યોજાશે. દહેગામ તાલુકાનો કેમ્પ ૧૨મી જુલાઈએ મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ, દહેગામ, માણસા તાલુકાનો કેમ્પ ૧૩મી જુલાઈ-૨૦૧૨ના રોજ સંસ્કાર તીર્થ, આજોલ ખાતે અને ગાંધીનગર તાલુકાનો કેમ્પ ૧૪મી જુલાઈ-૨૦૧૨ના રોજ સરકારી કન્યા છાત્રાલય, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. ગાંધીનગર જિલ્લાની તમામ પગાર કેન્દ્ર શાળાઓ તથા ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલોના આચાર્યોએ તેની નોંધ લેવી.

## આર.એચ. પટેલ બીઍડ કૉલેજમાં ગાન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન આર.એચ. પટેલ બી.એડ્. કૉલેજમાં એકલ ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ૧૯ વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલ આ સ્પર્ધામાં પ્રથમ નંબરે અર્પણા કુલકર્ણી, દ્વિતીય નંબરે સંતોષ ગોન્ડકર, તૃતીય નંબરે ડી. મલરાઝાંગન અને પ્રિયંકા ગૌતમ વિજયી બન્યા હતા. નિર્ણાયક તરીકે વર્ષાબેન પટેલ, રાજેશ શર્મા કામગીરી બજાવી હતી. વિભા દ્વિવેદીએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

# ફતેપુરાની પ્રાથમિક શાળા ખાતે ગુરુવંદન-છાત્ર અભિનંદન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૯

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરના સહયોગથી ગાંધીનગરના ફતેપુરા ખાતે આવેલી ફતેપુરા (વારીગૃહ) પ્રાથમિક શાળામાં ગુરુવંદન અને છાત્ર અભિનંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પ્રાર્થનાથી શરૂ થયેલા કાર્યક્રમમાં વંદે માતરમ્, પ્રતિજ્ઞા તેમજ દીપ પ્રાગટય કરી ગુરુ શિષ્યની મહિમાની સમજૂતી આપવામાં આવી હતી. ગુરુજીઓને બાળકો દ્વારા કુમકુમ તિલક અને ચોખા ચોંટાડી વંદન કરવામાં આવ્યા હતા.

દરેક ધોરણમાંથી એક એક વિદ્યાર્થીનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે અશ્વિનભાઈ પંડયાને પ્રમાણપત્ર અને ચાંદીનો સિક્કો આપી શાળાના આચાર્યા વિનોદીનીબેને સન્માન કર્યું હતું. ગુરુ શિષ્યના પવિત્ર સંબંધો અને મહિમા વિશે મણિબેન દેસાઈએ સમજ આપી હતી. આ પ્રસંગે ભારત વિકાસ પરિષદના મંત્રી મેઘાવીબેન વઘાસીયે, મહિલા સંયોજિકા મણિબેન દેસાઈ તેમજ જયોત્સનાબોન, મધુબોન, પાયલબેન વગેરે સભ્યોએ યોગ્ય સહયોગ આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તાજેતરમાં વક્તૃત્વ સ્પર્ધા અને ડીબેટના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ-૧ થી ૯ ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં જોડાઈને સુંદર પ્રદર્શન કર્યું હતું.

બાળકોની તર્કશક્તિ, વિચારશક્તિ અને આત્મવિશ્વાસ જેવી શક્તિઓ વડે સર્વાંગી વિકાસ વધારવાના ભાગરૂપે શાળામાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે એન્વાયરમેન્ટ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ધોરણ-૪ થી ૬ ના વિદ્યાર્થીઓ માટે 'પ્રદૂષણ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૨૬ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. ધોરણ ૭ થી ૯ના વિદ્યાર્થીઓ માટે 'વિજ્ઞાન અને ટેકનોલોજી' વિષય પર ડીબેટ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૨૮ વિદ્યાર્થીઓએ ખૂબ જ હર્ષોલ્લાસ અને જિજ્ઞાસાપૂર્વક સ્પર્ધામાં જોડાઈને પ્રતિસ્પર્ધીઓને હંફાવ્યા હતા.

શાળા પરિવારે દરેક વર્ગના વિદ્યાર્થીને સ્પર્ધામાં જોડાવા માટે અને નવો દૃષ્ટિકોણ કેળવવા માટે અભિનંદન અને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

# સ્વામીજીની દૃષ્ટિએ ભારત પતનનાં કારણો



॥ ચૌદમો મણકો ॥

ભારતમાં આજે કેટલાંક ભયસ્થાનો ઊભાં થયાં છે : ઘોર ભૌતિકવાદ અને એથી ઊલટું આંધળા વહેમો. આ બંનેનો આપણે ત્યાગ કરવાનો છે. એક બાજુ આજે એવો માનવી ઊભો છે, જે પાશ્ચાત્ય ડહાપણનો પ્યાલો પીને પોતાને સર્વજ્ઞ સમજે છે અને પ્રાચીન ઋષિઓની એ હાંસી ઊડાવે છે, તેને મન તમામ હિન્દુ વિચારધારા, હિન્દુ તત્ત્વજ્ઞાન સાવ નકામો કચરો છે, માત્ર બાળકોનો બડબડાટ છે અને ધર્મ એ મૂરખાઓનો વહેમ છે. બીજી બાજુ, એક એવો માનવી છે જે શિક્ષિત છે, જે દરેક બાબતમાં શુકન કે અપશુકનનું ફળાફળ નક્કી કરવા બેસી જાય છે.

તેની પાસે તેની વિશિષ્ટ જાતિ માટેના, તેના વિશિષ્ટ દેવતાઓના કે તેના ગામડાના પ્રચલિત એકએક વહેમ માટે દાર્શનિક ને આધ્યાત્મિક ને ભગવાન જાણે બીજા કયા કયા નાદાનીભર્યા ખુલાસા હોય છે. તેને મન ગામડાનો પ્રચલિત એક એક વહેમ વેદવાક્ય છે, અને એ માને છે કે એને અમલમાં મૂકવા પર રાષ્ટ્રીય જીવન અવલંબે છે ! એનાથી આપણે સાવચેત રહેવાનું છે.

પહેલાં અન્ન પછી ધર્મ. દેશના માણસો જ્યારે ભૂખે મરી રહ્યા છે ત્યારે આપણે એમના પર ધર્મનો બોજો લાદીએ છીએ. ધર્મના માત્ર સિધ્ધાંતોથી ભૂક ભાંગવાની નથી. આપણે ત્યાં બે વસ્તુઓ શાપ જેવી છે : ૧) આપણી નબળાઈ, ૨) આપણો ધિક્કાર, આપણાં સૂક્કાં લાકડાં જેવાં હૈયાં.

ભલે આપણે લાખો સિધ્ધાંતોની ચર્ચા કરીએ કે કરોડો સંપ્રદાયો સ્થાપીએ, પણ જો આપણામાં સહાનુભૂતિભર્યું હૃદય નહીં હોય તો એ બધાનો કંઈ અર્થ નથી. આપણા વેદોનો ઉપદેશ છે કે લોકોને માટે એવી લાગણી કેળવો કે એ આપણઆ જ દેહના અંગ જેવા લાગે, આપણને અનુભવ થાય કે આપણે અને તેઓ, ગરીબ અને તવંગર, સંત અને પાપી એ બધા, અનંત, અખંડ બ્રહ્મના જ અંશ છે.

સ્વામીજી કહે છે કે આમ જનતાની ઉપેક્ષા એ રાષ્ટ્રીય પાપ છે, આપણા પતનનું એ કારણ છે. ભારતનો સમાન્ય જન જ્યાં સુધી શિક્ષિત નહીં બને, તેને સારી રીતે ખાવા-પીવા નહીં મળે અને તેની સારી રીતે સારસંભાળ નહીં લેવાય ત્યાં સુધી કેળવ રાજકારણ દ્વારા થતા બધા પ્રયત્નો નિરર્થક સાબિત થવાના.

ભારતમાં અમીરોએ પોતાની સમૃદ્ધિ માટે ગરીબોને કચડ્યા. તેમના આર્તનાદો સાંભળ્યા નહિ, પરિણામે મુસલમાનોના હુમલાઓ, તેમની કતલ કરતા તેમની પર ફરી વળ્યા. વર્ષો સુધી ભારત વારંવાર જીતાયું છે અને છેલ્લે આવ્યા દુષ્ટોમાં દુષ્ટ અંગ્રેજ. ભારતમાં ચારે બાજુ જુઓ : હિન્દુઓ શું રાખી ગયા છે ? સર્વત્ર ભવ્ય મંદિરો. મુસલમાનો શું મૂકી ગયા છે ? સુંદર મહેલાતો. અંગ્રેજો શું મૂકી ગયા છે ? દારૂની તૂટેલી બૉટલ્સ સિવાય કંઈ નહીં.

ઈશ્વરે આપણી પર દયા ન રાખી કારણકે આપણામાં દયા નહોતી. આપણે નિષ્ઠુરતાથી આમ જનતાને અધમ અને નિર્બળ બનાવી અને જ્યારે આપણને તેમની જરૂર પડી ત્યારે આમ જનતામાં મદદ કરવાની શક્તિ રહી ન હતી.

આપણી પ્રજામાં સંગઠન શક્તિની ખામી છે. આ એક જ ખામીને લીધે બધાં અનિષ્ટો ઊભાં થયાં છે. કોઈ પણ કામ માટે આપણે બધા એકલક્ષી બની શકતા નથી. સંગઠન માટે પહેલી આવશ્યકતા આજ્ઞાંકિતપણાની છે. (અપૂર્ણ)

# સમસ્ત બ્રહ્મ સમાજનો ઈનામોત્સવ ૨૨મી જુલાઈએ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૯

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બ્રહ્મ સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા માટેનો ઈનામ વિતરણ કાર્યક્રમ ૧૫મી જુલાઈ-૨૦૧૨ રવિવારના રોજ રાખ્યો હતો જે અનિવાર્ય સંજોગોના કારણે ૨૨મી જુલાઈ ૨૦૧૨ના રોજ ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

બ્રહ્મસમાજના ઈનામોત્સવની તારીખમાં થયેલા ફેરફારને ધ્યાને લઈ સમસ્ત બ્રહ્મસમાજના પરિવારોએ, વાલીઓ, વિદ્યાર્થીઓએ ૨૨મી જુલાઈએ નિયત સમયમાં સ્થળ પર હાજર રહેવું.

# માણસે જીવનમાં શું શું કરવું જોઈએ એ રામાયણ કહે છે

## માણસ જેવો હોય છે તેવો દેખાતો નથી અને જેવો દેખાય છે તેવો હોતો નથી. આથી પ્રેમ બધા ઉપર રાખો, ભરોસો નહિ

આદર્શ રાજ્ય કોને કહેવાય ? આ પ્રશ્ન ભલે વિશ્વનો કોઈપણ નાગરિક પૂછે પણ માત્ર એક જ જવાબ તરત બધાના હોઠે આવી જાય અને એ જવાબ છે : રામરાજ્ય. આનાં એક નહિ, અનેકાનેક કારણો છે. રામ મર્યાદાપુરુષોત્તમ છે. માણસ જો પોતાની મર્યાદામાં રહે તો આ જગતની પચાસ ટકા સમસ્યાઓ ઉપસ્થિત થતી જ નથી. માણસે જિંદગીમાં શું શું કરવું જોઈએ - એ રામાયણમાં છે.

માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું, વચન એટલે વચન. વચન આપી કદી ફરી ન જવું, વચનપાલન એ રામાયણની મુખ્ય આધારશિલા છે. રઘુકુલ નીતિ સદા ચલી આઈ, પ્રાણ જાઈ અરૂ વચન ન જાઈ. પોતાને સોંપેલી ફરજમાં કોઈ ત્રુટિ ન આવવી જોઈએ. રામ વનવાસ દરમિયાન નંદિગ્રામમાં પાદુકાને પ્રતીક માની ભરત ફરજપાલનનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. પુરુષે એક પત્નીવ્રત અને સ્ત્રીએ એક પતિવ્રત રાખવું. રાજા રાવણ જેવા પરપુરુષના પનારે પડવા છતાં સીતા પોતાની પવિત્રતાને ઊની આંચ નથી આવવા દેતાં. આજે દરેકને સીતા જેવી પત્ની જોઈએ છે પણ એ ભૂલી જાય છે કે એ માટે પોતે પણ રામ બનવું પડે. એથી ઊલટું, રામ જેવા પતિ પામવા સીતા બનવું પડે. જો આવું અત્યારે બનવા પામે તો દસ ટકા છૂટાછેડાના કિસ્સા તુરત ઓછા થઈ જાય. આશા અમર છે.




ભ્રાતૃપ્રેમનો લક્ષ્મણનો દાખલો કે જેનો જગતભરમાં જોટો મળવો મુશ્કેલ છે, તે બેમિસાલ છે. ઊર્મિલાને અયોધ્યામાં મૂકી સતત ચૌદ વર્ષ શ્રીરામ-સીતાજીની પિતા-માતાતુલ્ય માની સેવા કરવી એ જેવી તેવી વાત નથી. આજે તો પિતાની મિલકત પચાવી પાડવા સગા બે ભાઈઓ એકબીજાનું ખૂન કરવા સુધી પહોંચી જાય છે. જે ઊર્મિલાને લક્ષ્મણ અયોધ્યા મૂકી ગયા છે એ વળી જેણે રામને વનવાસ આપ્યો તે સાસુમા-કૈકેયીની સેવા કરે છે. આજે તો સાસુ-વહુ જેવા બે શબ્દો કાને પડતાં જ કકળાટ આંખો સામે આવી જાય છે ! સમયની બલિહારી છે. સ્વામીની સેવા, ફરજપાલન, નવે નવ પ્રકારની નવધા ભક્તિ રજૂ કરી શ્રી હનુમાનજી પોતાને સોંપેલી ફરજમાં સોમાંથી પૂરા સો ગુણ લઈ જાય છે. તો નિઃસ્વાર્થ ભક્તિ કરવી જોઈએ એ બાબતમાં શબરી સૌની ગુરુ બની જાય છે. આંગણું વાળવું, વટ જોવી, પ્રભુ આંગણે પધારે છતાં કશું જ માગવું નહીં - આજે તો એક પણ માગણી વગર કોઈ માણસ મંદિરની મુલાકાતે નથી જતો !! જે નારીની રક્ષા માટે જટાયુ પોતાના પ્રાણનું બલિદાન આપી દે છે એ પક્ષીમાં કેટલી સમજ હશે !

રામાયણમાં સ્ત્રીદાક્ષિણ્યનાં આવાં અનેક ઉદાહરણ છે. સત્યમેવ જયતે, ઈશ્વર સત્ય નથી પણ સત્ય એ જ ઈશ્વર છે એ રામાયણનો મુદ્રાલેખ છે. શ્રીકૃષ્ણ માટે પ્રેમ સત્ય છે જ્યારે રામ માટે સત્ય એ પ્રેમ છે. જિંદગીમાં જો માણસ સત્યનું પાલન કરે તો પછી એ ક્યારે શું બોલ્યો એ યાદ રાખવાની જ જરૂર રહેતી નથી. એક વચન, એક બાણ, એક પત્નતી - એ રામની સાચી ઓળખ બની ગયાં. જ્યારે અત્યારે બધું બબ્બે રાખવાની જાણે કે ફેશન થઈ ગઈ છે !

અન્યાયનો સામનો કરો, દુરાચાર સામે લડો, પોતાના પરિવારની વ્યક્તિ કરતાં રાજ્યની પ્રજા જ સર્વોપરિ છે એ ન્યાયે શ્રીરામે એક રાજા તરીકે સગર્ભા હોય હોવા છતાં સીતાનો ત્યાગ કર્યો. વચનપાલન માટે દશરથ રાજાના પ્રાણ ગયા, આજ્ઞાપાલન માટે રાજ્યનો ત્યાગ કરી શ્રીરામ વનમાં ગયા, વચન મુજબ રાજ્યના હક્કદાર હોવા છતાં રાજગાદીનો ત્યાગ કરી ભરત નંદિગ્રામમાં ગયા, સીતાજીને તો વનમાં જવાની આજ્ઞા હતી જ નહિ છતાં સાસરિયાનું સુખ અને અયોધ્યાના વૈભવનો ત્યાગ કરી રામ સાથે ગયાં, ત્યાગ.... ત્યાગ.... અને ત્યાગ. રામાયણનાં રઘુકુળનાં એક એક પાત્રોનો ત્યાગ તો જુઓ !!

ત્યેન ત્યકતેન ભુંજિથા - ત્યાગને ભોગવી જાણો - ઈશાવાસ્ય ઉપનિષદની ઉક્તિ પૂરેપૂરી રામાયણમાં સિદ્ધ અને સાર્થક થતી જોવા મળે છે. આ બધાંને સલામ સાથે પ્રણામ.

શિસ્તપાલન શું શું કરી શકે છે એ રીંછ અને વાનરો આપણને શીખવે છે. એક પળ જે સ્થિર ના રહે તે વાનરોમાં સંપ, શિસ્ત, એકતા, ભાવના જોઈને માણસને શરમાવું પડે છે. મુસીબતમાં માણસે બીજાને પોતાનાથી બનતી બધી મદદ કરવી એવું રામસેતુ બાંધતી વખતે ધૂળમાં આળોટી એ ધૂળ સેતુ ઉપર ખાંખતથી ખંખેરતી એક ખિસકોલી આપણી ગુરુ બનવાની બધી લાયકાત સાબિત કરી બતાવે છે. ગમે તેવા કપરા સંજોગોમાં દર્દીની સેવા જીવના જોખમે પણ કરવી એવું 'ઍપોઈન્મેન્ટ વગર તમને મળીશું પણ નહીં' એવા આજના તબીબોને સુષેણ વૈદ્ય સબક શીખવી જાય છે. રામસેનાની છાવણીમાં વિભીષણને જે આવકાર મળે છે તે બોધ આપે છે કે ભલે કોઈ તમારો કટ્ટર દુશ્મન હોય જો તે શરણે આવે તો શરણાગતનો સ્વીકાર કરી પ્રાણના ભોગે પણ તેનું રક્ષણ કરવું જોઈએ.

માણસ જેવો હોય છે તેવો દેખાતો નથી અને જેવો દેખાય છે તેવો હોતો નથી. આથી પ્રેમ બધા ઉપર રાખો, ભરોસો નહિ. ભગવા વસ્ત્રોમાં પણ સાધુના વેશમાં શેતાન હોય છે. રાવણ તો બધાનામાં હોય છે, એ આજે બધાનો અનુભવ છે. સાધુ અને શેતાનનો તફાવત ઓળખતાં શીખો. અતિ સર્વત્ર વર્જ્યતે. મર્યાદામાં રહો. સીતાજીએ લક્ષ્મણરેખા ઓળંગી પરિણામ રોકડું. મર્યાદા બહાર આહાર લો એટલે રોગ શરૂ, મર્યાદા બહાર બોલો એટલે ઝઘડા શરૂ અને મર્યાદા બહાર ખર્ચા કરો એટલે ગરીબીને આમંત્રણ. ટૂંકમાં, અપની ઔકાત મેં રહો.

આજના સંદર્ભમાં 'રામાયણ' એ રણમાં મીઠી વીરડીનું કામ કરવાની તાકાત ધરાવે છે. કોઈપણ શબ્દ બોલતાં સો વખત વિચારો. કુંભકર્ણ લેવા ગયા ઈન્દ્રાસન પણ માગવાનું કહ્યું ત્યારે અતિ ઉત્સાહમાં 'નિંદ્રાસન' બોલાઈ ગયું - જાવ લ્યો, છ મહિના ઊંઘો. હંમેશા સારા માણસોનો સંગ સારું જ પરિણામ આપે. ત્રિજટા રાક્ષસી હતી પણ સીતાજીના સંગે સખી બની ગઈ. સંગ તેવો રંગ તે આનું નામ.

અંતમાં એક નાનો રમૂજી પણ બોધ આપતો પ્રસંગ રજૂ કરી લેખનું સમાપન કરીએ : બનેલું એવું કે તાજાં તાજાં લગ્ન કરેલું એક દંપતિ હનીમૂન માટે આબુ જવા નીકળેલું. રેલવેમાં જવાનું નક્કી કરેલું. તમામ તૈયારી સાથે પતિ અને પત્ની બનીઠની, સજીધજી બેગબિસ્ત્રા સાથે પ્લૅટફોર્મ ઉપર શોભામાં અભિવૃદ્ધિ કરી ગોડી (ટ્રેન)ની પ્રતિક્ષામાં હતાં ને અચાનક ધસમસતી ગાડી આવી ગઈ. હનીમૂનના ઉત્સાહમાં ને ઉત્સાહમાં પોતે પણ કંઈક છે એવા રૉફમાં ભાઈ તો ફટાફટ ચડી ગયા પણ ઘરવાળી નીચે રહી ગઈ. ગાડી ચાલુ થઈ ગઈ. હવે નીચે ઉતરાય નહિ, બીજા સ્ટેશને ઉતરી કંઈક કરીશું એમ માની ભાઈ બેઠા. ડબ્બામાં એક વડીલ, તેમણે આ દૃશ્ય જોયેલું. થોડી વાર પછી વડીલે પેલા યુવકને પૂછ્યું, 'ભાઈ તમે રામાયણ કદી વાંચ્યું છે ?' 'ના.' 'જો રામાયણ વાંચ્યું હોત તો પત્ની નીચે ના રહી ગઈ હોત.' પેલા યુવકને આશ્ચર્ય થયું કે આને અને રામાયણને શું સંબંધ ? શું રામાયણમાં ય આ ટ્રેનમાં ચડવાનો ઉપાય છે ? વડીલે કહ્યું, 'હા. રામ અને સીતા કેવટ - નાવિકની હોડીમાં બેસે છે ત્યારે સૌપ્રથમ સીતાજીનો હાથ પકડી તેમને નાવમાં બેસાડે છે, પછી પોતે બેસે છે.'

આ સંસારરૂપી સાગર જો સુખરૂપ પાર પાડવો હોય તો એકવાર નવારૂપી રામાયણ ખાસ વાંચજો.

- પી એમ પરમાર 'દર્શન'